ખાતાકીય બઢતી સમિતિએ બઢતી માટે વર્ષ:૨૦૧૮-૧૯ સુધીના ખાનગી અહેવાલ/PAR ધ્યાનમાં લેવા અંગે.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:એસએલટી/૧૦૨૦૨૦/૨૧૩૫૪૯/ગ-૨
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧/૦૭/૨૦૨૦

**વંચાણમાં લીધા:-**

(૧) સા.વ.વિ.નો તા.૭/૨/૧૯૯૫ નો ઠરાવ ક્રમાંક: એસએલટી-૧૦૮૯-૮૯૪-ગ.૨
(૨) સા.વ.વિ.નુ તા.૨૩/૦૮/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:એસએલટી/૧૦૨૦૧૯/૨૯૭૮૬૬/ગ.૨
(૩) સા.વ.વિ.નો તા.૦૧/૦૪/૨૦૨૦ નો પરિપત્ર ક્રમાંક:ખહલ/૧૦૨૦૨૦/૨૪૯/ક
(૪) સા.વ.વિ.નો તા.૧૧/૦૫/૨૦૨૦ નો પરિપત્ર ક્રમાંક: ખહલ/૧૦૨૦૨૦/૨૪૯/ક

## આમુખ:-

સરકારના સા.વ.વિ.ના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક: (૧) અને (૨) ના ઠરાવથી બઢતી માટે ખાતાકીય બઢતી સમિતિએ સંબંધિત અધિકારી/કર્મચારીને પસંદગી યાદીમાં સમાવવાની યોગ્યતા નક્કી કરવા માટે સમિતિની બેઠકની તારીખથી તરત પહેલાના છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલો/PAR વિચારણામાં લેવા અંગે સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તદ્-અન્વયે તા.૧/૪/૨૦૨૦ થી મળનાર ખાતાકીય બઢતી સમિતિમાં વર્ષ:૨૦૧૯-૨૦ ના ખાનગી અહેવાલ ધ્યાને લઇ બઢતી આપવા અંગેની વિચારણા કરવાની રહે છે.

૨. સા.વ.વિ.ના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક: (૩) અને (૪) ના પરિપત્રથી નોવેલ કોરોના વાઇરસ (Covid-19)ની મહામારી અન્વયે કામગીરી મૂલ્યાંકન અહેવાલ(PAR) તા.૧/૪/૨૦૨૦ ને બદલે તા.૧૫/૦૬/૨૦૨૦ થી જનરેટ કરવા અંગેનો સમય નિયત થયેલ છે અને ત્યારબાદ સ્વમૂલ્યાંકન, કામગીરી મૂલ્યાંકન લખવાની અને સમીક્ષા કરવાની કામગીરી તા.૧૫/૯/૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાની સમયમર્યાદા નિયત થયેલી છે. આમ, સંબંધિત અધિકારીના વર્ષ:૨૦૧૯-૨૦ ના કામગીરી મૂલ્યાંકન અહેવાલ તા.૧૫/૯/૨૦૨૦ બાદ ઉપલબ્ધ થશે. આ સંજોગોમાં ખાતાકીય બઢતી સમિતિએ બઢતી માટે વિચારણામાં લેવાના થતા ખાનગી અહેવાલ/PAR સંબંધે જરૂરી સૂચનાઓ પ્રસિધ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## -:ઠરાવ:-

સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે:-

"તા.૩૧/૮/૨૦૨૦ સુધીમાં મળનાર ખાતાકીય બઢતી સમિતિમાં બઢતી માટે વિચારણા હેઠળના અધિકારી/કર્મચારીઓના વર્ષ:૨૦૧૯-૨૦ ના ખાનગી અહેવાલ ઉપલબ્ધ થઇ શકે તેમ ન હોય તો ૨૦૧૮-૧૯ સુધીના છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલ ધ્યાને લઇ શકાશે તેમજ તા.૩૧/૮/૨૦૨૦ બાદ મળનાર ખાતાકીય બઢતી સમિતિમાં સા.વ.વિ.ના તા.૭/૨/૧૯૯૫ અને

તા.૨૩/૮/૨૦૧૯ ના ઠરાવની જોગવાઇઓ મુજબ વર્ષ ૨૦૧૯-૨૦ સુધીના છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલ ધ્યાને લેવાના રહેશે."

સચિવાલયના સર્વે વહીવટી વિભાગો અને તેમના નિયંત્રણ હેઠળના ખાતાના વડા/કચેરીના વડાને આ ઠરાવની સૂચનાઓનુ પાલન થાય તે જોવા સર્વે વિભાગોને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુશીલ વ્યાસ)
ઉપ સચિવ(ક.ગ. ૧)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો(તેમના નિયંત્રણ હેઠળના ખાતા/કચેરીના વડાને ધ્યાને મૂકવા સારૂ)
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/શાખાઓ
- પસંદગીની ફાઇલ
- પત્ર દ્વારા